GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

# ભારતીય જ્ઞાન પ્રણાલીના સંદર્ભમાં ધોરણ ૮ ના અભ્યાસક્રમનું મૂલ્યાંકન: ભૂતકાળથી વર્તમાન સુધીનો સેતુ

મેઘલ પ્રજાપતિ, ડૉ. અમ્રિતા માર્શલ
શિક્ષણશાસ્ત્ર વિભાગ,
સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર

**સારાંશ**

પ્રસ્તુત સંશોધન પત્રનું શીર્ષક ભારતીય જ્ઞાન પ્રણાલીના સંદર્ભમાં ધોરણ ૮ ના અભ્યાસક્રમનું મૂલ્યાંકન: ભૂતકાળથી વર્તમાન સુધીનો સેતુ છે. જેનો મુખ્ય હેતુ વર્તમાન શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ની ધોરણ–૮ના અભ્યાસક્રમનો ભારતીય જ્ઞાન પરંપરાના પરીપ્રેક્ષ્યમાં અભ્યાસ કરવાનો છે. પ્રસ્તુત અભ્યાસ ગુણાત્મક અભિગમ અંતર્ગત વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિથી હાથ ધરાયું છે. જેમાં માહિતી એકત્ર કરવા માટે ધોરણ–૮ના શૈક્ષણિક વર્ષ-૨૦૨૫-૨૬ના પાઠ્યપુસ્તકો અને ભારતીય જ્ઞાન પરંપરાને સંદર્ભે લખાયેલ સાહિત્ય, પ્રકાશિત લેખો, જર્નલ, શોધપત્રોનો અભ્યાસ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત અભ્યાસના તારણમાં જાણવા મળ્યું કે ધોરણ–૮ના અભ્યાસક્રમમાં અનેક ખ્યાલો ભારતીય ગાણિતિક પરંપરાથી સહજ રીતે જોડાયેલા હોવાનું સ્પષ્ટ થાય છે. પરંતુ હાલના ધોરણ–૮ના અભ્યાસક્રમમાં ભારતીય જ્ઞાન પરંપરાનો ઉલ્લેખ જોવા મળ્યો નથી કે તેમજ ખુબજ ગૃહિત રીતે ઉલ્લેખ જોવા મળે છે. પરંતુ તેમાં ભારતીય જ્ઞાન પરંપરાના ખ્યાલોના સંકલનની વિશાળ શક્યતાઓ રહેલી છે.

**ચાવીરૂપ શબ્દો :- અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તક, સહઅભ્યાસિક પ્રવૃતિઓ, ભારતીય જ્ઞાન પરંપરા**

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

**પ્રસ્તાવના :-**

માનવ જ્યારથી મહામાનવ બનવાની યાત્રામાં જોડાયો ત્યારથી કેળવણી તેને સતત સંપૂર્ણ રીતે માર્ગ ચીંધતી રહી છે. અભ્યાસક્રમ એ કેળવણીની પ્રક્રિયાનો ધબકાર કેહવાય છે. કેળવણીરૂપી ઈમારત હંમેશાથી અભ્યાસક્રમના વિવિધ આયામોના પાયા પર જ ટકેલી છે. સમાજની અપેક્ષાઓની પૂર્તિ જયારે શિક્ષણ કરતુ હોઈ ત્યારે તેનો અભ્યાસક્રમ સમાજના ઉત્થાનમાં સંજીવાનીરૂપ સાબિત થાય છે. શિક્ષણક્ષેત્રે થતા સંશોધન પૈકી '**અભ્યાસક્રમ સંરચના અને વિકાસનું**' ક્ષેત્ર તેમાં પોતાનું નોંધપાત્ર યોગદાન આપી સતત તેમાં સુધારા સૂચવતું રહ્યું છે. માનવસમાજની આ હરણફાળ શિક્ષણયાત્રામાં તે ક્યાંક ને ક્યાંક મૂળ પ્રાચીન ભારતીય શિક્ષણનો હેતુ વિસરી ગયો છે. ભારતીય સંસ્કૃતિ હંમેશા તેના ભવ્ય વારસાને લીધે વિશ્વની અન્ય સંસ્કૃતિઓ કરતાં સર્વોચ્ચ શિખર પર સ્થાન ધરાવે છે. આ ભવ્ય, ભૂતકાલીન, યશોજ્જવલ અને ગૌરવાન્વિત સંસ્કૃતિક વારસાના હસ્તાંતરણમાં ભારતીય જ્ઞાન પરંપરા એ મહત્વની કડી સાબિત થાય છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ પણ આ ભારતીય જ્ઞાન પરંપરાના મુખ્ય હેતુ તરફ આંગળી ચીંધી આધુનિક શિક્ષણમાં તેને સમાવવાની માંગ કરે છે. ખરેખર જો બાળકમાં પ્રાથમિક શિક્ષણથી જ તેના અભ્યાસક્રમને જો પ્રાચીન અને સનાતન ભારતીય જ્ઞાન પરંપરા મુજબ ઢાળવામાં આવે તો હજુ પણ ઘણું સારું પરિણામ મળી શકે તેમ છે. આ માટે પ્રસ્તુત સંશોધનમાં સંશોધક દ્વારા હાલના સમયમાં ધોરણ-૮નો અભ્યાસક્રમ કેટલા અંશે ભારતીય જ્ઞાન પરંપરાને ધ્યાનમાં રાખી રચાયેલો છે તેનો અભ્યાસ કરવાનો નાનકડો પ્રયત્ન થયેલ છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

**સંદર્ભ સાહિત્યની સમીક્ષા :-**

Gaddi (2024) એ "AN ANALYSIS OF KARNATAKA STATE VIII STANDARD MATHEMATICS SYLLABUS IN THE PERSPECTIVE OF NEP-2020 AND NCF-2005" વિષય પર મહાશોધ નિબંધ પ્રકાશિત કર્યો હતો. સંશોધનનો હેતુ ધોરણ-૮ના ગણિતના પાઠ્યક્રમનો NEP-2020 અને NCF-2005ના પરિપ્રેક્ષ્યમાં અભ્યાસ કરવાનો હતો. પ્રસ્તુત સંશોધન મિશ્ર પદ્ધતિ અંતર્ગત સર્વેક્ષણ પદ્ધતિથી હાથ ધરાયું હતું. સંશોધનમાં યાદચ્છિક નમુના પસંદગી પદ્ધતિ દ્વારા કુલ ૭૪૬ નમુના પસંદ કર્યા હતા. તેમજ માહિતી એકત્રીકરણ માટે ક્રમમાપદંડ, વલણ માપદંડ અને મંતવ્યો પણ લીધેલ હતા.

Joshi (2023) એ "AN ANALYSIS OF EMBEDDED VALUES IN NCERT SCIENCE TEXTBOOK POST NATIONAL CURRICULUM FRAME WORK-2005 (NCF-2005)" વિષય પર મહાશોધ નિબંધ પ્રકાશિત કર્યો હતો. જેનો મુખ્ય હેતુ NCF-2005 પછી લખાયેલ NCERTના વિજ્ઞાનના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ મૂલ્યોને ઓળખવાનો અને પરીક્ષણ કરવાનો ઉપરાંત વિજ્ઞાનના પાઠ્યપુસ્તકો બનાવતી વખતે મૂલ્યો કેવી રીતે સમાવવામાં આવે છે તે સમજવાનો હતો. સંશોધન મિશ્ર સંશોધન અભિગમ અંતર્ગત વર્ણાત્મક પદ્ધતિ અને વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિથી હાથ ધરાયું હતું. પ્રસ્તુત સંશોધનમાં નિદર્શ સ્વરૂપે સહેતુક નમૂના પસંદગી હેઠળ NCF-2005 પછી પ્રકાશિત થયેલ NCERTના ધોરણ-૬/૭/૮ના વિજ્ઞાનના પાઠ્યપુસ્તકો અને NCF-2005ની પસંદગી થયેલ હતી અને માહિતી એકત્રીકરણ માટે પ્રશ્નાવલી ઉપરાંત મુક્ત મુલાકાત ઉપકરણ તરીકે પસંદગી કરેલ હતી.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

Valli (2021) એ “AN ANALYTICAL STUDY OF THE CURRICULUM OF UPPER PRIMARY EDUCATION IN GUJARAT PEACE EDUCATION PERSPECTIVE” ના વિષય પર મહાશોધ નિબંધ પ્રકાશિત કર્યો હતો. જેનો મુખ્ય હેતુ ઉચ્ચ પ્રાથમિક શાળાના ધોરણના પાઠ્યપુસ્તક, શિક્ષણ પદ્ધતિ અને સહભ્યાસિક પ્રવૃત્તિનું શાંતિ માટેના શિક્ષણના દ્રષ્ટિકોણથી વિશ્લેષનાત્મક વિશ્લેષણ કરવાનો હતો. પ્રસ્તુત સંશોધન ગુણાત્મક સંશોધન અભિગમ અંતર્ગત વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિથી હાથ ધરાયું હતું. સંશોધનમાં હેતુપૂર્વક નમુના પસંદગી પદ્ધતિથી વડોદરા સિટીની અંગ્રેજી માધ્યમની શાળાના ધોરણ-૬ થી ૮ અને માત્ર અંગ્રેજી અને સામાજિક વિજ્ઞાનની પાઠ્યપુસ્તકો નિદર્શ તરીકે અભ્યાસ માટે પસંદ કર્યા હતા. તેમજ માહિતી એકત્રીકરણ માટે શાંતિ માટેના શિક્ષણને લગતા સાહિત્યો, ધોરણ-૬ થી ૮ના પાઠ્યપુસ્તકનું વિષયવસ્તુ વિશ્લેષણ અને વર્ગખંડ અવલોકનનો ઉપયોગ કયો હતો.

**અભ્યાસના હેતુઓ :-**

1. ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) રચિત ગુજરાતી માધ્યમની શાળાના ધોરણ-૮ના પાઠ્યક્રમનો ભારતીય જ્ઞાન પરંપરાના સંદર્ભે અભ્યાસ કરવો.
2. ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) રચિત ગુજરાતી માધ્યમની શાળાના ધોરણ-૮ની સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓનો ભારતીય જ્ઞાન પરંપરાના સંદર્ભે અભ્યાસ કરવો.

**સંશોધન પદ્ધતિ :-**

પ્રસ્તુત સંશોધનનો પ્રકાર ગુણાત્મક સંશોધન છે. ગુણાત્મક સંશોધન અભિગમ અંતર્ગત વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

**સંશોધન તારણો :-**

**ધોરણ-૮ના વિષયવાર મળતા તારણો**

**ગણિત**

- ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સંલગ્ન ગુજરાતી માધ્યમની શાળાના ધોરણ-૮ની ગણિતની પાઠ્યપુસ્તકનાં પ્રકરણોમાં સમાવિષ્ટ મુદ્દાઓનો ઉલ્લેખ પ્રાચીન ભારતીય ગણિત જ્ઞાનના સ્રોત ગ્રંથો બ્રહ્મગુપ્ત રચિત "બ્રહ્મસ્ફુટસિદ્ધાંત", આર્યભટ્ટ રચિત "આર્યભટ્ટીયમ", બૌધાયનના "શુલ્બસુત્ર", કૌટિલ્યનું "અર્થશાસ્ત્ર" અને મહાવીરાચાર્ય રચિત "ગણિતસારસંગ્રહ માં થયેલ જોવા મળે છે.

**વૈદિક ગણિત**

- ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સંલગ્ન ગુજરાતી માધ્યમની શાળાના ધોરણ-૮ની વૈદિક ગણિતની પાઠ્યપુસ્તકનાં પ્રકરણોમાં સમાવિષ્ટ મુદ્દાઓનો સંદર્ભ સ્વામી ભારતીકૃષ્ણતીર્થજીએ "અથર્વવેદ"ના આધારે આપેલા વૈદિક ગણિતના ૧૬ સૂત્રોમાં જોવા મળે છે.

**વિજ્ઞાન**

- ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સંલગ્ન ગુજરાતી માધ્યમની શાળાના ધોરણ-૮ની વિજ્ઞાનની પાઠ્યપુસ્તકનાં પ્રકરણોમાં સમાવિષ્ટ મુદ્દાઓનો આધાર પ્રાચીન ભારતીય ગ્રંથો કૃષિપરાશર, વૃક્ષયુર્વેદ, ચરક સંહિતા, સુશ્રુત સંહિતા, અથર્વવેદ, યજુર્વેદ, કૌટિલ્યનું અર્થશાસ્ત્ર, મનુસ્મૃતિ, વૈશેષિક દર્શન, શિલ્પશાસ્ત્ર, નાટ્યશાસ્ત્ર, બૃહદ સંહિતા, રસશાસ્ત્ર, આર્યભટ્ટીયમમાં જોવા મળે છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

**સામાજિક વિજ્ઞાન**

સામાજિક વિજ્ઞાનમાં ઈતિહાસ, ભૂગોળ અને રાજનીતિ અને નાગરિકશાસ્ત્ર એમ ત્રણેય વિભાગવાર મળતા તારણો નીચે મુજબ છે :-

**ઈતિહાસ**

- સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ ઈતિહાસ વિભાગના મુદ્દાઓ ભારતીય ઇતિસાહ, 'નૌકાયન શાસ્ત્ર', 'વાણિજ્યિક અને ઔદ્યોગિક ક્ષેત્રે', ભારતની 'કૃષિ અને ટેક્સટાઇલ ટેકનોલોજી', ભારતની સ્વધર્મ અને સાંસ્કૃતિક અસ્મિતા, ભારતીય 'ક્ષત્રિય ધર્મ' અને 'રાષ્ટ્રભક્તિ', ભારતની 'શિલ્પ અને સ્થાપત્ય કલા' તથા 'ઉદ્યોગ કૌશલ્ય', ભારતની પરંપરાગત ગુરુકુલ શિક્ષણ પ્રણાલી, 'વેદો તરફ પાછા વળો', પ્રાચીન ભારતીય મૂલ્યો સત્ય અને અહિંસા, ભારતની પ્રાચીન 'આત્મનિર્ભર ગ્રામીણ અર્થવ્યવસ્થા', 'અખંડ ભારત' જેવા ભારતીય સામાજિક મૂલ્યો, વિચારધારા અને ભારતીય ઇતિહાસમાં પ્રતિબિંબિત થતા જોવા મળે છે.

**ભૂગોળ**

- સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ ભૂગોળ વિભાગના મુદ્દાઓ પ્રાચીન 'ઉદ્યોગ સાહસિકતા', 'ધાતુશાસ્ત્ર', નદીઓને 'લોકમાતા' અને વૃક્ષોને દેવ માનવાની પરંપરા, 'કૃષિ પરાશર' અને 'વૃક્ષાયુર્વેદ' જેવા પ્રાચીન ગ્રંથો, 'વરાહમિહિર' જેવા વિદ્વાનોએ 'બૃહદસંહિતા' માં ભૂકંપ અને વરસાદના ચિહ્નો ઓળખવાની રીતો(આપત્તિ-વ્યવસ્થાપન), 'પુરુષાર્થ' (ધર્મ, અર્થ, કામ, મોક્ષ)ના સિદ્ધાંત, જનશક્તિને રાષ્ટ્રશક્તિ માનવાની પરંપરા(માનવ-સંસાધન), પ્રકૃતિ અને માનવ વચ્ચેનું સંતુલન, પ્રકૃતિ પૂજા જેવા ભારતીય મૂલ્યો તેમજ ગ્રંથોમાં ઉલ્લેખિત છે.

**રાજનીતિ અને નાગરિકશાસ્ત્ર**

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

- સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ ભૂગોળ વિભાગના મુદ્દાઓ ભારતીય 'રાજધર્મ' અને 'ન્યાય'ના પ્રાચીન સિદ્ધાંતો, ભારતીય સંસ્કૃતિના 'સર્વજન હિતાય'ના આદર્શ, 'સર્વધર્મ સમભાવ'(બિનસાંપ્રદાયિકતા), ન્યાયતંત્ર, પ્રજા રંજન, **'સર્વે જન સુખિનો ભવન્તુ'** જેવી પ્રાચીન વિચારધારાથી પ્રભાવિત થયેલા છે. તેમજ ઘણાં મુદ્દાઓનો ઉલ્લેખ નીતિશાસ્ત્રો અને સ્મૃતિગ્રંથો, ઋગ્વેદ(**સંગચ્છધ્વં સંવદધ્વં** (સાથે ચાલો, સાથે બોલો) મંત્ર), ઋગ્વેદ અને અથર્વવેદ('સભા' અને 'સમિતિ'નો ઉલ્લેખ), કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં જેવા મહત્વના સ્મૃતિગ્રંથોમાં જોવા મળે છે.

**ભાષાના વિષયોના અંગે મળેલા તારણો**

**ગુજરાતી**

- ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સંલગ્ન ગુજરાતી માધ્યમની શાળાના ધોરણ-૮ની ગુજરાતીના પાઠ્યપુસ્તકના પાઠમાં સમાવિષ્ટ બાબતોમાં સનાતન ભારતીય મૂલ્યો જેવા કે 'ભક્તિ માર્ગ' અને 'નિષ્કામ કર્મ', પ્રકૃતિ પૂજા, રાષ્ટ્રધર્મ, અનુભવ દ્વારા શિક્ષણ, સત્ય અને અસ્તેય, 'આત્મદીપો ભવ'(પોતાનો પ્રકાશ પોતે બનો), 'વીર પૂજા' અને 'માનવતા'ના મૂલ્યો, માતૃભૂમિ અને કુટુંબ ભાવનાના મૂલ્યો, ભાષા સંસ્કૃતિ, ભારતીય સંસ્કાર પદ્ધતિ, પ્રાચીન યંત્ર વિજ્ઞાન, 'વસુધૈવ કુટુંબકમ', ન્યાય અને તર્ક(**'ન્યાય શાસ્ત્ર'**), વિદ્યાભ્યાસ અને તપના મૂલ્યો (ગુરુકુળ પરંપરા), માનવ સેવા('પરોપકારાય પુણ્યાય'), ધર્મ, કર્તવ્ય અને સહનશીલતા જેવા મૂલ્યો, નાટ્ય અને રસાસ્વાદ(નાટ્યશાસ્ત્ર), ભારતીય 'કૃષિ સંસ્કૃતિ' અને 'શ્રમ એ જ શ્રી' નું દર્શન થતું જોવા મળે છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

**હિન્દી**

❖ ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સંલગ્ન ગુજરાતી માધ્યમની શાળાના ધોરણ-૮ની હિન્દીની પાઠ્યપુસ્તકના પાઠોના ગૃહિત અર્થ જોતા 'શરણાગતિ' અને 'સર્વધર્મ સમભાવ', માતૃ-પિતૃ ભક્તિ અને સંયમ, નારી શક્તિ(સુનીતા વિલિયમ્સ) અને પ્રાચીન ભારતનું ખગોળશાસ્ત્ર, રાષ્ટ્રધર્મ અને લોકકલ્યાણ, ગુરુ-શિષ્ય પરંપરા અને જિજ્ઞાસા, રાષ્ટ્ર પ્રથમની ભાવના, વીરતા અને સંસ્કાર, 'અહિંસા પરમો ધર્મ' અને 'જીવદયા', 'અતિથિ દેવો ભવ' અને 'ત્યાગ'ના આદર્શો, જ્ઞાનના માર્ગ તરીકે 'ભ્રમણ', 'વસુધૈવ કુટુંબકમ્', 'સર્વ ભવન્તુ સુખિનઃ', નિષ્કામ કર્મયોગ, 'નીતિશાસ્ત્ર' અને 'સંત પરંપરા', ચારિત્ર્ય નિર્માણ, ધૈર્ય અને પુરુષાર્થ, પરિવર્તન અને કરુણા જેવા વ્યક્તિત્વ ઘડતરમાટેનાં આદર્શ મૂલ્યો જોવા મળે છે.

**સંસ્કૃત**

❖ ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સંલગ્ન ગુજરાતી માધ્યમની શાળાના ધોરણ-૮ની સંસ્કૃતની પાઠ્યપુસ્તકના પાઠોમાં ભારતીય જ્ઞાન પરંપરા સંદર્ભે ચિત્ર અને પ્રતિક દ્વારા શિક્ષણ, સ્વ-અધ્યયન, 'શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્'(શરીર સ્વસ્થ હશે તો જ ધર્મ અને જ્ઞાનનું રક્ષણ થઈ શકશે), 'જ્ઞાનનિધિ સંચિનુયામ' (જ્ઞાનના ભંડારને એકઠો કરીએ), 'ગુરુન્ અનુગચ્છામ' (ગુરુઓને અનુસરીએ), ભ્રમણ તથા પર્યટન એ જ્ઞાનનું શ્રેષ્ઠ માધ્યમ, મનોરંજન દ્વારા જ્ઞાન આપવું એ ભારતીય શિક્ષણની આગવી શૈલી('નાટ્યશાસ્ત્ર'), પ્રાચીન સંખ્યાપદ્ધતિ અને અર્થ વ્યવહારોની રીત('અર્થશાસ્ત્ર'), 'દિનચર્યા'નો સ્વાસ્થ્ય સાથે સંબંધ(આયુર્વેદમાં ઉલ્લેખ), પ્રાચીન ગુરુકુળ પદ્ધતિ, ભારતીય સંયુક્ત પરિવારની પરંપરા, મહાન વ્યાકરણશાસ્ત્રી પાણિનીના 'અષ્ટાધ્યાયી' ધ્વરા ભાષાસજ્જતા, માતૃદેવો ભવઃ, 'વસુધૈવ કુટુંબકમ્', પ્રહેલિકા એ તર્ક શક્તિ

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

વધારવાનું શ્રેષ્ઠ સાધન(ન્યાયશાસ્ત્ર, શાસ્ત્રાર્થ), ચાણક્યનું અર્થશાસ્ત્ર, નીતિશાસ્ત્ર અને જીવનદર્શન, પ્રકૃતિ પૂજા, પ્રાચીન 'વાસ્તુશાસ્ત્ર' અને 'શિલ્પશાસ્ત્ર', 'મૃગયા વન' કે 'અભયારણ્યો' રાખવાની પરંપરા, 'સત્ય' અને 'અહિંસા'ના મૂળભૂત સિદ્ધાંતો(ભારતીય દર્શનશાસ્ત્ર), સુભાષિતોને 'રત્નો' માનવા('સુભાષિત રત્નભાંડા ગાર:'), 'અહિંસા પરમો ધર્મઃ' અને તમામ જીવોમાં ઈશ્વરનો અંશ જોવા જેવા ગુણો, જ્ઞાનના માધ્યમો, પ્રાચીન જ્ઞાનના સ્ત્રોત ગ્રંથો, ચારિત્ર્ય નિર્માણના મૂલ્યો વગેરેનું ગૃહિત તેમજ સ્પષ્ટ રીતે વર્ણન થયેલું જોવા મળે છે.

**અંગ્રેજી**

❖ ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સંલગ્ન ગુજરાતી માધ્યમની શાળાના ધોરણ-૮ની અંગ્રેજીની પાઠ્યપુસ્તકના પાઠોમાં ભારતીય જ્ઞાન પરંપરાના સંદર્ભે જ્ઞાન મેળવવાની શ્રેષ્ઠ પદ્ધતિ 'સંવાદ'(**'ઉપનિષદો' અને 'શ્રીમદ ભગવદ ગીતા'** સંપૂર્ણપણે પ્રશ્નોત્તરી શૈલીમાં લખાયેલા), **'શાસ્ત્રાર્થ પદ્ધતિ'**, ભારતીય શાસ્ત્રીય સંગીત(સામવેદ), તાનસેન અને સંત હરિદાસની ગુરુ-શિષ્ય પરંપરા, 'સમુદાય જીવન' અને 'સાંસ્કૃતિક વિનિમય'(મેળાનું મહત્વ), 'પ્રકૃતિ પૂજા' અને 'કુદરતી સંસાધનોના વિવેકપૂર્ણ ઉપયોગ'નો સિદ્ધાંત, ભારતીય દર્શનનો **'અદ્વૈત'** ભાવ, ચતુરાઈ અને વિવેક, ભારતના 'મૃગયા શાસ્ત્ર' (પ્રાણી વિજ્ઞાન), 'અહિંસા' અને પ્રાણીઓ પ્રત્યેના આદર, પ્રકૃતિ પૂજા અને વૃક્ષને દેવ માનવા, **'વૃક્ષાયુર્વેદ' તેમજ 'આયુર્વેદ'ના મુદ્દા, બહુભાષિતા**, પ્રત્યાયન અને કલાના માધ્યમથી શીખવાની પરંપરા, **'નાટ્યશાસ્ત્ર'**માં વર્ણવ્યા મુજબ, નાટક અને અભિનય (Role Play) એ જ્ઞાનના પ્રસારનું શ્રેષ્ઠ માધ્યમ જેવી બાબતોનો સંદર્ભ જોવા મળે છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

**શ્રીમદ્ ભગવદ્ ગીતા**

❖ ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સંલગ્ન ગુજરાતી માધ્યમની શાળાના ધોરણ-૮ની શ્રીમદ્ ભગવદ્ ગીતાના પાઠ્યપુસ્તકના પાઠોમાં ગીતાના શ્લોક દ્વાર મૂલ્ય શિક્ષણ, ચારિત્ર્ય ઘડતર, **'ધર્મ' અને 'ન્યાય'ના સિદ્ધાંતો**, જીવનના સંઘર્ષોમાં સત્ય, ન્યાય અને આત્મિક સંતુલન, **'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન'** જેવા આદર્શ વ્યક્તિત્વ ઘડતરના ગુણોનું દર્શન થાય છે. તેમજ 'બ્રહ્મચર્યાશ્રમ' અને 'ગુરુકુળ શિક્ષણ પદ્ધતિ'ના પાયાના સિદ્ધાંતો, 'માતૃદેવો ભવ', 'પિતૃદેવો ભવ', 'સનાતન ધર્મ' અને 'સાંસ્કૃતિક વારસા'નું રક્ષણ, મન, ઇન્દ્રિયો અને આત્માનું સંતુલન(સંતુલિત જીવન), 'ક્ષમા વીરતાનું આભૂષણ છે' અને પૃથ્વીની જેમ સહનશીલ બનવાની પરંપરાગત શીખ, 'સ્થિતપ્રજ્ઞના લક્ષણો'(ગીતાનો બીજો અધ્યાય) જેવા ગુણો અને ગીતાના શ્લોકોનું સંકલન થતું જોવા મળે છે.

**ધોરણ-૮માં આયોજાતી સહઅભ્યાસિક પ્રવૃત્તિ અંતર્ગત મળેલા તારણો**

❖ ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સંલગ્ન ગુજરાતી માધ્યમની શાળામાં ધોરણ-૮માં યોજાતી સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ અંગે તારણ મળ્યું કે ધોરણ-૮માં થતી મોટાભાગની સહઅભ્યાસિક પ્રવૃત્તિ ભારતીય જ્ઞાન પરંપરાના ગ્રંથોમાં ઉલ્લેખિત ૬૪ કલાઓ સાથે સુસંગત થતી જોવા મળે છે.

**તારણોની ચર્ચા** :-

અહી ગઢ્ઢી (૨૦૨૪), જોશી (૨૦૨૩) ના સંશોધનોના તારણો NCF-2005 ની ભલામણો અને પ્રસ્તુત અભ્યાસક્રમ અંગે વિસંગતતા તરફ આંગળી ચિંધે છે. જેમાં અનુક્રમે ગણિતનું પાઠ્યપુસ્તક, વિજ્ઞાનના પાઠ્યપુસ્તકમાં NCF-2005ના દસ્તાવેજમાં સૂચિત વિષયો અંતર્ગત કૌશલ્યોના

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

વહનમાં પ્રસ્તુત અભ્યાસક્રમની સામગ્રીની નિષ્ફળતા બતાવે છે. તેમજ વાલી (૨૦૨૪) ના સંશોધનના તારણો અભ્યાસક્રમ અંતર્ગત થતી સહઅભ્યાસિક થતા કૌશલ્ય વિકાસનું સુચન કરે છે. જયારે પ્રસ્તુત સંશોધનમાં ધોરણ-૮ના પાઠ્યક્રમ અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનો ભારતીય જ્ઞાન પરંપરાના સંદર્ભે અભ્યાસ કરતા તારણ મળ્યું કે ધોરણ-૮ના પાઠ્યપુસ્તકોમાં સમાવિષ્ટ વિષયવસ્તુ મોટેભાગે ભારતીય જ્ઞાનનાં સ્મૃતિગ્રંથોના ઉપદેશોને અનુસરે છે. તેમજ ધોરણ-૮માં આયોજીત સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ ભારતીય પ્રાચીન ૬૪ કલાઓ સાથે સુસંગતા ધરાવે છે.

**ઉપસંહાર :-**

પ્રસ્તુત સંશોધનમાં ધોરણ-૮ના અભ્યાસક્રમ અંતર્ગત તેના પાઠ્યપુસ્તક તેમજ ધોરણ-૮ માં યોજાતી સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનો ભારતીય જ્ઞાન પરંપરાના સંદર્ભે અભ્યાસ કર્યો હતો. અભ્યાસ દરમિયાન સંશોધકને જાણવા મળ્યું કે ધોરણ-૮ના અભ્યાસક્રમમાં ભારતીય જ્ઞાન પરંપરાના ઘણાં આદર્શ અને અમૂલ્ય સિદ્ધાંતો, વિચારો, ભારતીય સાહિત્ય, દર્શનો અને ગ્રંથોના સનાતન સત્યો, ભારતીય પ્રાચીન ગ્રંથોમાં વર્ણવાયેલી શોધો અને ભવિષ્ય માટેના ખ્યાલો વગેરેનું ગહન રીતે સંબંધ જોવા મળે છે. તેમજ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનો સંબંધ ભારતીય પ્રાચીન ૬૪ કલાઓ સાથે મળતો આવે છે.

**સંદર્ભ સૂચિ :-**

મહાશોધ નિબંધ

1. Gaddi, C. (2024). *An Analysis of Karnataka State VIII Standard Mathematics Syllabus in the Perspective of New Education Policy 2020 and National Curriculum Frame Work 2005*. Karnatak University, Dharwad. http://hdl.handle.net/10603/566764

ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

2. Joshi, A. (2023). *An analysis of embedded values in NCERT science textbooks post national curriculum framework 2005*. Jawaharlal Nehru University, New Delhi. http://hdl.handle.net/10603/576190

3. Valli, B. (2023). *An analytical study of the curriculum of upper primary education in Gujarat peace education perspective.* Maharaja Sayajirao University of Baroda, Vadodara. http://hdl.handle.net/10603/332706

પુસ્તક

1. Borse, Y. & Gawade, R. (2025). *Indian Knowledge System: A Journey Through Ancient Indian Mathematics.* Savitribai Phule Pune university, Pune. Retrieved August 10, 2025, from https://www.scribd.com/document/918382303/IKS-Mathematics-Book

2. Khandelwal, N., & Chauhan, P. (2023). *INDIAN KNOWLEDGE SYSTEM (BHARTIY GNAN PARAMPARA).* Himalaya Publication House PVT.LTD., Mumbai

3. Mahadevan, B., Bhat, V., & Nagendra, R.N. (2023). *Introduction to Indian knowledge system: Concepts and applications.* PHI Learning Pvt, Delhi.

4. Purushothama, M., & Haritha, M. (2023). *INTRODUCTION TO INDIC KNOWLEDGE SYSTEM (IKS).* Himalaya Publication House PVT.LTD., Mumbai.

5. Purushothama, M., & Podder, S. (2023). *INTRODUCTION TO INDIC KNOWLEDGE SYSTEM(IKS).* Himalaya Publication House PVT.LTD., Mumbai

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

6. વાળંદ, એમ., et al. (૨૦૨૫). *ગુજરાતી*: ધોરણ ૮. ગાંધીનગર: ગુજરાત રાજ્ય શાળાપાઠ્યપુસ્તક મંડળ.

7. તલસાણીયા, એસ., et al. (૨૦૨૦). *હિન્દી*: ધોરણ ૮. ગાંધીનગર: ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ.

8. પટેલ, આર., et al. (૨૦૨૦). *અંગ્રેજી*: ધોરણ ૮. ગાંધીનગર: ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ.

9. એનસીઈઆરટી. (૨૦૨૪). *ગણિત*: ધોરણ ૮(ગુજરાતી અનુવાદ). ગાંધીનગર: ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ.

10. એનસીઈઆરટી. (૨૦૨૪). *વિજ્ઞાન*: ધોરણ ૮(ગુજરાતી અનુવાદ). ગાંધીનગર: ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ.

11. ભાવસાર, બી., et al. (૨૦૨૪). *સામાજિક વિજ્ઞાન*: ધોરણ ૮. ગાંધીનગર: ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ.

12. રાવલ, એન., et al. (૨૦૨૦). *સંસ્કૃત*: ધોરણ ૮. ગાંધીનગર: ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ.

13. પટેલ, કે., et al. (૨૦૨૪). *શ્રીમદ્ ભગવદ્ ગીતાનાં મૂલ્યો અને સિદ્ધાંતો*: ધોરણ ૮. ગાંધીનગર: ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ.

14. પંચોલી, એન., et al. (૨૦૨૪). *વૈદિક ગણિત*: ધોરણ ૮. ગાંધીનગર: ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

વેબસાઈટ :-

1. https://www.education.gov.in
2. https://iksindia.org
3. https://www.scribd.com/document/918382303/IKS-Mathematics-Book
4. https://play.google.com/store/apps/details?id=com.ved.puran.allsanatangyan